# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-03-2025 Day : Tuesday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કચ્છમાં શિક્ષકોની ઘટને નિવારવા રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય

કચ્છમાં શિક્ષકોની ઘટને નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની રજુઆતને પગલે રાજ્ય સરકારે કચ્છની પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1થી 5 સુધીમાં 2500 શિક્ષકોની તેમજ ધોરણ 6થી 8માં 1600 શિક્ષકો મળી કુલ 4100 શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લીધો છે. તેમજ આ શિક્ષકો કાયમી કચ્છ જિલ્લામાં જ ફરજ બજાવશે અને બદલી નહીં કરાવી શકે તેવી શરત સાથે ભરતી કરવામાં આવશે.

જિલ્લાના ધારાસભ્યો સહિતના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ આ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડીંડોર અને કચ્છના પ્રભારીમંત્રી પ્રફુલ પાનસેરીયાને રૂબરૂ મળીને રજુઆત કરી હતી.

અંજારના ધારાસભ્ય ત્રિકમ છાંગાએ આ અંગે વધુ માહિતી આપી હતી.

બાઈટ... ત્રિકમ છાંગા, ધારાસભ્ય

માંડવીના ધારાસભ્ય અનિરુધ દવેએ કચ્છના હિતમાં આ નિર્ણય લેવા બદલ પણ રાજ્ય સરકારનો આભાર માનતા આ મુજબ જણાવ્યું.

બાઈટ... અનિરુધ દવે, ધારાસભ્ય

---

## પૂર્વ કચ્છ પોલીસ દ્વારા મોટી કાર્યવાહી

રાજ્યના પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયની સૂચનાના પગલે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત અંજાર અને ભચાઉ ડિવિઝનમાં સંયુક્ત રીતે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

વિવિધ ટીમો બનાવીને પોલીસ દ્વારા કુલ 344 શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી હતી તેમજ 38 જેટલા વાહનોની તપાસ કરવામાં આવી હતી. એલસીબી, એસઓજી અને વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફે આ સંયુક્ત કવાયત હાથ ધરી હતી.

---

## કચ્છ રણોત્સવની પૂર્ણાહુતિ

કચ્છને વૈશ્વિક ફલક પર નામના અપાવનાર કચ્છ રણોત્સવની પૂર્ણાહુતિ થઈ છે. આ વખતે 11મી નવેમ્બરથી 15મી માર્ચ સુધી 125 દિવસ રણોત્સવ ચાલ્યો હતો. 882 જેટલા વિદેશી સહિત 4 લાખ 9 હજાર 849 પ્રવાસીઓએ ચાલુ વર્ષે રણોત્સવની મુલાકાત લીધી હતી. રણોત્સવ થકી સરકારને ૫ કરોડથી વધુની આવક થઈ છે.

---

## આરટીઆઈ ફોર્મ ભરવાની મુદત લંબાવાઈ

મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ હેઠળ બાળકોને ખાનગી શાળામાં નિ:શુલ્ક પ્રવેશ માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતને 15મી એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. ઉપરાંત,સરકાર દ્વારા આરટીઈ એક્ટ હેઠળ પ્રવેશ માટે વાર્ષિક આવક મર્યાદા 6 લાખ સુધી કરવામાં આવી છે.

જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભુપેન્દ્રસિંહ વાઘેલાએ આ અંગે વધુ માહિતી આપી હતી.

બાઈટ... ભુપેન્દ્રસિંહ વાઘેલાએ

---

## ભુજ વિમાની મથક

ભુજથી દિલ્હી માટેની સીધી ફ્લાઈટ શરૂ થવાથી છેલ્લા દોઢ મહિનામાં યાત્રિકોની અવર જવરમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

પહેલી ફેબ્રુઆરીએ ભુજ-દિલ્હી વચ્ચે એર ઇન્ડિયાની ફ્લાઈટ શરૂ થતા બંને તરફે સરેરાશ 150 પ્રવાસીઓ અવરજવર કરતા હોવાથી ભુજ વિમાની મથક ધમધમતું રહે છે. ચાલુ માર્ચ મહિનાના પ્રથમ પખવાડિયામાં 12 હજારથી વધુ પ્રવાસીઓએ અવર જવર કરી હોવાની વિગતો મળી છે.

---

## પશુપાલન વિભાગ રસીકરણ ઝુંબેશ

જિલ્લાના દુધાળા પશુઓને ખરવા મોવાસા રોગ સામે રક્ષણ આપવા માટે જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા 15મી માર્ચથી રસીકરણ ઝુંબેશનો પ્રારંભ કરાયો છે. આગામી 30મી એપ્રિલ સુધી ચાલનાર આ ઝુંબેશ હેઠળ કચ્છમાં 8 લાખ 85 હજાર ગાય, ભેંસ વર્ગના પશુઓને નિઃશુલ્ક રસી અપાશે. આ અભિયાનમાં પશુ ચિકિત્સા અધિકારીઓ, પશુધન નિરીક્ષકો, કૃત્રિમ બીજદાનના કાર્યકરો સહિત 200 જેટલા કર્મચારીઓ જોડાશે.

---